**રાજ્ય સ્તરની મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ (MACT) કેસોની ચકાસણી માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) ની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મવઅ/૧૦૨૦૧૬/કોર્ટ-૩૧(પા.ફા.-૧)/વ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૦૫/૨૦૧૯.

**વંચાણે લીધા:**

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૦/૦૯/૨૦૧૮નો પત્ર ક્રમાંક: જી-૧/ક્રાઈમ/ટે-૨/કોર્ટ મેટર-૨૩/૧૭/૯૦૭૭/૨૦૧૮.

(૨) પોલીસ મહાનિર્દેશકશ્રીની કચેરી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સીઆઈડી/પીઆરસી/૧૨૫/૨૦૧૯.

(૩) ICICI Lombard General Insurance Company Limited ની તા.૧૧/૦૯/૨૦૧૮ની રજૂઆત.

(૪) ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૦/૦૯/૨૦૧૭નો ઠરાવ.

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટનો ક્રિમીનલ મિસે. એપ્લિકેશન નં. ૦૧/૨૦૧૭ સંદર્ભે તા.૨૫/૦૪/૨૦૧૮નો ચુકાદો.

**ઠરાવ:-**

ICICI Lombard Insurance Company દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ ક્રિમીનલ એપ્લિકેશન નં. ૪૩૬૩/૧૬ના કામે દાખલ કરાવેલ ક્રિમીનલ મિસે. એપ્લિકેશન નં. ૦૧/૨૦૧૭ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૫/૦૪/૨૦૧૮ના ચુકાદાથી મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ સમક્ષ મોટર વ્હીકલ એક્ટ અન્વયે થતા ખોટા અને બનાવટી ક્લેઇમ કેસો રોકવા સારૂ વંચાણમાં લીધેલ ક્રમાંક (૪) માં દર્શાવેલ ઠરાવથી કરાયેલ સ્પેશયલ સ્ક્રુટીની ટીમ (SST)ની રચનાના હુકમને રદ કરવા અને SSTની જગ્યાએ SIT (સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ)ની રચના કરવા હુકમ કરવામાં આવેલ છે. પ્રસ્તુત બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૫/૦૪/૨૦૧૮ના ચુકાદાને ધ્યાને લઈ તેમજ વંચાણમાં લીધેલ ક્રમાંક (૩) માં દર્શાવેલ રજૂઆત ધ્યાને લેતાં મોટર

એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ (MACT)માં મોટર વ્હીકલ એક્ટ હેઠળ દાખલ થતાં ખોટા કેસોને રોકવા અને આવા કેસોની ચકાસણી માટે SIT (સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ)ની રચના કરવાની વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) અને (૨)માં દર્શાવેલ પત્રોથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૫/૦૪/૨૦૧૮ના આદેશ અન્વયે મોટર એક્સીડેન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ (MACT)ના શંકાસ્પદ કેસોની ચકાસણી બાબતે સંદર્ભ ક્રમાંક (૪)માં દર્શાવેલ વિભાગના ઠરાવને મૂળ અસરથી રદ કરી ગુજરાત રાજ્ય સ્તરે સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)ની રચના નીચે મુજબ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)નું માળખું નીચે મુજબ રહેશે.

(૧) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ક્રાઈમ-૧), સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર – અધ્યક્ષ

(૨) પોલીસ અધિક્ષક – ૦૧

(૩) નાયબ પોલીસ અધિક્ષક – ૦૨

(૪) અધ્યક્ષની પસંદગીના પોલીસ ઈન્સ્પેક્ટર – ૦૪

(૫) અધ્યક્ષની પસંદગીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર – ૦૪

(૬) અધ્યક્ષની પસંદગીના હેડ કોન્સ્ટેબલ – ૦૨

(૭) અધ્યક્ષની પસંદગીના પોલીસ કોન્સ્ટેબલ – ૦૭

(૮) અધ્યક્ષની પસંદગીના તબીબી નિષ્ણાંત – ૦૧

૩. સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)ની કામગીરી નીચે મુજબ રહેશે.

(૧) સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)ની કામગીરીમાં જીલ્લા સરકારી વકીલશ્રીઓ અને જીલ્લા ન્યાયાધીશશ્રીઓ એ શક્ય હોય તે તમામ સહાય કરવાની રહેશે. સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)ને તમામ રેકર્ડ જોવા માટે ડિસ્ટ્રીક્ટ જજશ્રીઓ, ઈન્સ્યોરન્સ કંપનીઓ, ટ્રાન્સપોર્ટ ઓથોરિટી, હોસ્પિટલના સી.એમ.ઓ./સી.એમ.એસ. મંજૂરી આપી પૂર્ણ સહકાર કરશે.

(૨) સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) ના કાર્યક્ષેત્રને જીલ્લા અને કમિશ્નર વિસ્તારમાં વિભાજીત કરી શકાશે નહી, પરંતુ તેનું કાર્યક્ષેત્ર સમગ્ર રાજ્યમાં રહેશે. બોગસ અને ખોટા દાવાઓમાં યોગ્ય

તપાસ માટે જરૂરી પુરાવા અને રેકર્ડ સાથે વીમા કંપની પોતે જ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) નો સંપર્ક કરી શકશે.

(૩) એક વાર સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) સમક્ષ દેખીતા બોગસ કે ખોટા દાવાઓ બાબતે ફરિયાદ નોંધવામાં આવી હોય ત્યારે તાત્કાલિક તપાસ શરૂ થશે અને આ હેતુ માટે વીમા કંપનીએ કોઈપણ પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની જરૂરિયાત નથી. સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) એ ઉત્તમ પ્રયત્ન કરી ચાર મહિનાની અંદર તપાસ પૂર્ણ કરવાની રહેશે.

(૪) સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT) કોઈપણ જાતના અવરોધ વગર પોતાનું કાર્ય પૂર્ણ કરી શકે તે રાજ્ય સરકારે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૪. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૯/૦૫/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યની તા.૧૫/૦૫/૨૦૧૯ની નોંધથી મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રા.ક.મંત્રીશ્રી, (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. રા.ક.મંત્રીશ્રી, (કાયદા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૫) મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૮) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ચૂંટણી પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) કમિશ્નરશ્રી અને અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સર્વે જીલ્લા સેશન્સ કોર્ટ, ગુજરાત રાજ્ય.

(૧૪) પોલીસ મહાનિર્દેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુ.રા., ગાંધીનગર.

(૧૫) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ), ગુ.રા., ગાંધીનગર.

(૧૬) નિયામકશ્રી, લાંચ-રૂશ્વત વિરોધી બ્યૂરો, શાહીબાગ ડફનાળા, અમદાવાદ.

(૧૭) સર્વે કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ, ગુજરાત રાજ્ય.

(૧૮) સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.

(૧૯) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, તાલીમ, ગુ.રા., ગાંધીનગર.

(૨૦) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (એ.ટી.એસ.), ગુ.રા., અમદાવાદ.

(૨૧) સર્વે રેન્જ વડાશ્રીઓ, ગુજરાત રાજ્ય.

(૨૨) સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ (પશ્ચિમ રેલ્વે વડોદરા/અમદાવાદ/એ.ટી.એસ. સહિત).

(૨૩) ICICI Lombard General Insurance Company Limited, ICICI Lombard House, ૪૧૪, વીર સાવરકર માર્ગ, સિધ્ધિ વિનાયક મંદિરની બાજુમાં, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.

(૨૪) અધિક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, તમામ શહેર/જીલ્લા સિવિલ હોસ્પિટલ, ગુજરાત રાજ્ય.

(૨૫) સરકારી વકીલશ્રી, સરકારી વકીલશ્રીની કચેરી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.

(૨૬) સેકશન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર આ ઠરાવ મૂકવાની વિનંતી સાથે.

(૨૭) સિલેક્ટ ફાઈલ. (શાખા / ના.સે.અ.)